વર્ષ ૨૦૧૩-૧૪ માટે આયોજન હેઠળની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ગ-૨ ની નવી જગાઓ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૪૨૦૧૧/૩/ક.**
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯/૮/૨૦૧૩

**<u>વંચાણે લીધોઃ-</u>**

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૫-૧-૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ-પ્રાશિનિ-ચ-૧-નવી બાબત-૧૨-૧૩.

**<u>ઠરાવ</u>**

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા, સુચારુ વહીવટ, ડ્રોપ આઉટ ઘટાડવા તેમજ કન્યા કેળવણી પર વધારે લક્ષ આપી શકાય તેવા આશયથી તાલુકા પંચાયતમાંની હાલની તાલુકા કેળવણી નિરીક્ષક, વર્ગ-૩ ની ૨૨૫ (બસો પચ્ચીસ) જગ્યાઓ અપગ્રેડ કરીને તાલુકા કક્ષાની તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વર્ગ-૨ ની નવી જગ્યાઓ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજયમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વર્ગ-૨ ની તાલુકા કક્ષાની ૨૨૫ નવી જગ્યાઓ (પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૮૮૦૦ ગ્રેડ પે ૪૬૦૦) ઉભી કરવા માટે સને ૨૦૧૩-૧૪ ના નાણાંકીય વર્ષમાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે કરવામાં આવેલ જોગવાઇ રૂ.૭૧૯.૨૩ (રૂપિયા સાત સો ઓગણીસ લાખ ત્રેવીસ હજાર પુરાની) લાખની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ ૨૨૫ નવી જગાઓ નીચેની શરતોએ ઉભી કરવાની અને ભરવાની મંજૂરી આપવામાં આવે છેઃ-

(૧) રાજયમાં કેળવણી નિરીક્ષકની વર્ગ-૩ (પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૨૦૦)ની ૨૨૫ જગાઓને (પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે. ૫૪૦૦)માં અપગ્રેડ કરીને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી (વર્ગ-૨) તરીકે નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવે છે.

(२) તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વર્ગ-૨ ની જગાઓ માટેના ભરતી નિયમો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા તૈયાર કરીને સરકારની મંજૂરી માટે તુરત જ રજૂ કરવાના રહેશે.

(3) ભરતી નિયમોમાં આ જગાઓ પૈકી ૫૦ ટકા જગાઓ સીધી ભરતી અને ૫૦ ટકા જગાઓ કેળવણી નિરીક્ષક, વર્ગ-૩ ના સંવર્ગમાંથી બઢતી/સેમી ડાયરેકટ ભરતી દ્વારા પૂરવા માટે જરૂરી જોગવાઇ કરાવવાની રહેશે.

(૪) ઉકત ૨૨૫ જગાઓ આ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી તા.૩૧-૩-૨૦૧૪ સુધી મંજૂર કરવામાં આવે છે અને તે પછી આ જગાઓની મુદત લંબાવવા માટે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા શિક્ષણ વિભાગને દરખાસ્ત મોકલવાની રહેશે.

(૫) ઉકત જગાઓ તેના ભરતી નિયમો મંજૂર થયા બાદ તેમાં ઠરાવેલી કાર્યપધ્ધતિ મુજબ ભરવાની રહેશે.

(૬) પ્રથમ તબકકે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, વર્ગ-૨ ની ફરજો અને કાર્યક્ષેત્ર નીચે મુજબ ઠરાવવામાં આવે છે. જેમાં સરકારશ્રી વખતોવખત યોગ્ય તે ફેરફારો કરી શકશે.

(A) તાલુકા કક્ષાએથી શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ અને શાળા આરોગ્ય કાર્યક્રમ જેવા રાજય કક્ષાના કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ.

(B) તાલુકા કક્ષાએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ સંદર્ભે પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન કરાવવું.

(C) તાલુકા કક્ષાએથી પ્રાથમિક શિક્ષણમાં બાળકોના પ્રવેશનું ૧૦૦ ટકા નામાંકન થવું તથા શાળા પ્રવેશ પામેલા બાળકો શાળા છોડી ન જાય તે જોવું અને તે રીતે સ્થાયીકરણમાં દરમાં વધારો કરવો.

(D) તાલુકાના પ્રાથમિક શિક્ષણ અંગેનો સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરી જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને મોકલવા.

(E) તાલુકા પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણનો વહીવટ.

(F) તાલુકાની પ્રાથમિક શાળાના અને ઉચ્ચતર પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર, પગારના એરિયર્સ બિલો, તબીબી સારવારના બિલો, ઇજાફા મુકત કરવાની કામગીરી, પગાર બાંધણી અંગેની તેમજ રજાઓ અને મહેકમ વિષયક તમામ કામગીરી.

(G) તાલુકાના પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોની શિસ્ત વિષયક સંબંધી જરૂરી કાર્યવાહી કરવી.

(H) તાલુકા કક્ષાએ ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ તથા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિનિયમ, ૨૦૦૯ અને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ ની જોગવાઇઓનું અમલીકરણ તેમજ આ જોગવાઇઓનું પાલન થાય તે જોવું અને તેના અમલીકરણ અંગે કોઇ ફરિયાદ મળે કે જે તે શાળા વિરૂધ્ધ

ગંભીર પ્રકારની ફરિયાદ મળે તો તેની કાળજીપૂર્વક યોગ્ય ચકાસણી કરી તે અંગેનો સ્વયંસ્પષ્ટ વિગતવાર અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવાની કામગીરી.

(I) જીલ્લા કક્ષાએથી તાલુકા કક્ષાની શાળાઓ માટે ફાળવેલ તમામ પ્રકારની ગ્રાન્ટનું શાળા કક્ષા સુધીના વિતરણ, વપરાશ તથા હિસાબો સરકારશ્રીના નિયમાનુસાર યોગ્ય તે રીતે જળવાય તે અંગેની કામગીરી.

(J) તાલુકા કક્ષાએ શાળાઓના મધ્યાહન ભોજન યોજનાનું અમલીકરણ અને દેખરેખ.

(K) તાલુકાના તમામ બીટ કેળવણી નિરીક્ષકોની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ.

(L) સી.આર.સી. અને બી.આર.સી.ની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ.

(N) સર્વ શિક્ષા અભિયાન પ્રોજેકટના અમલીકરણને લગતી તમામ કામગીરી.

(M) તાલુકાની પ્રાથમિક શાળાઓની ભૌતિક સુવિધાઓ જેવી કે શાળાના ઓરડા, પીવાના પાણીની સુવિધા, વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ શૌચાલયો, વીજળીની સુવિધા, રમત-ગમતના મેદાન, શાળા આરોગ્ય તેમજ અન્ય શૈક્ષણિક કાર્યને લગતી ભૌતિક સુવિધાઓ અંગેની કામગીરી.

(૭) આ જગાઓ માટેના ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ-૨૦૧૩-૧૪ માં નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો રહેશેઃ-

"માંગણી નં.૦૯, મુખ્ય સદરઃ-૨૨૦૨ સામાન્ય શિક્ષણ, પેટા સદરઃ૦૧ પ્રારંભિક શિક્ષણ, ગૌણ સદરઃ ૦૦૧ નિર્દેશ અને વહીવટ નવી બાબત, પેટા સદરઃ૦૩, ઇડીએન-૫, રાજય અને જીલ્લા કક્ષાએ સર્વેક્ષણ તંત્ર સંગીન બનાવવું."

(૮) આ હૂકમો શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦-૬-૨૦૧૩ ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.,
- સ્ટેટ પ્રોજેકટર ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર નં.૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.